**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૪/૧૨/૨૦૧૭ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૪૩૩/૧૭**

## ઘરઘાટી તરીકે નોકરી કરી મોકો જોઇ હાથ સફાઇ કરનારને ચોરી કરેલ મુદ્દામાલ સાથે ઝડપી પાડતી સાયબર ક્રાઇમ સેલ, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ

સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જેકે.ભટ્ટ સા. તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સા. તથા અધિક નાયબ પોલીસ કમિશ્નરશ્રી ડૉ.રાજદીપસિંહ ઝાલા સા. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના આધારે પોલીસ ઇન્સપેકટર શ્રી પીજી.સરવૈયા નાઓના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ.શ્રી આર.કે.સોલંકી તથા પોસ.ઇ.શ્રી એમ.એચ.શિણોલ, પો.સ.ઇ. શ્રી એસ.વી.ગળચર તથા સ્ટાફના માણસો અમદાવાદશહેરમાં બનતા મિલકત સંબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ પેટ્રોલીંગમાં નિકળેલ દરમ્યાન મળેલ ચોક્કસ બાતમી હકિકત આધારેતા.૦૨/૧૨/૨૦૧૭ ના રોજ એક મકાનમાં ભાડેથી રહેતાં ઇસમ ભુરા S/O સામાગલા ડામોર ને ચોરીમાં ગયેલ રોકડા રૂ.૫,૧૬,૦૦૦/- તથા બે મોબાઇલ ફોન સાથે તેના ઘરે રબારીના મકાનમાં રાહુલ ટાવર ચાર રસ્તા પાસે, શાકભાજી માર્કેટ સામે, દુધના ગલ્લાની પાસે આનંદનગર અમદાવાદ શહેર ખાતેથી ઝડપી પાડેલ જેની પુછપરછ કરતાં પોતે મુળ રાજસ્થાનનો વતની હોય અને અમદાવાદમાં નોકરી ધંધાર્થે આવેલ દરમ્યાન તેને હરેશભાઇ સોની રહે.સી/૮૦૪, રત્નાકર વિભાગ – ૩ આનંદનગર અમદાવાદ નાઓએ રામા તરીકે રાખેલ અને ઘરનુ કામકાજ તેને સોંપેલ દરમ્યાન આ હરેશભાઇ ઘરે રોકડ રૂપીયા રાખતા હોવાની તેને જાણ થયેલ અને તેઓ ક્યાં પૈસા રાખે છે તે જાણી લીધેલ તે બાદ તેણે તેના ભત્રીજા ને તેના વતનથી બોલાવેલ અને પોતે જે ઘરમાં નોકરી કરતો હતો તે જ ઘરમાં ચોરી કરવાનુ નક્કી કરેલ અને તેનો ભત્રીજો સગીર હોય તેનો ઉપયોગ કરી પોતે પડદા પાછળ રહી આ સગીર પાસે રૂ.૫,૫૦,૦૦૦/- ની ચોરીનુ કામ કરાવેલ હોવાનુ પોલીસ તપાસમાં જાણવા મળેલ જેથી પોલીસે ભુરા સામા ડામોરને અટક કરી તેના વિરૂદ્ધ કાયદેશર કાર્યવાહી હાથ ધરેલ છે અને સગીરને તેના વાલીને સોંપેલ છે. તેમજ આ બાબતે આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફર્સ્ટ ગુ.ર.નં. ૧૬૦/૨૦૧૭ ઇપીકો કલમ ૩૮૧ મુજબનો ગુનો દાખલ થયેલ હોય પકડાયેલ આરોપીને આનંદનગર પોલીસ સ્ટેશન સોંપવા તજવીજ કરેલ છે.

પકડાયેલ ભુરો ડામોર પાંચેક વર્ષથી અમદાવાદમાં આવીને રહેલ હોય અને અલગ અલગ જગ્યાઓએ ઘરઘાટી તરીકે નોકરી કરેલ હોય અન્ય કોઇ જગ્યાએ પણ આવી રીતે ચોરી કરેલ હોવાની પુરી શક્યતાઓ જણાતી તે દિશામાં વધુ તપાસ હાથ ધરેલ છે

**<u>વટવા પોલીસ સ્ટેશન :</u>**

## ખાનગી બાતમી હકિક્ત આધારે વોચ ગોઠવી ઈગ્લીશદારૂ ના કોવટ઼ નંગ-૫૦૦ કિ,રૂ.૫૦,૦૦૦/ સાથે એક ઈસમને ઝડપી પાડતી વટવા પોલીસ

મે.પોલીસ કમીશ્નરશ્રી તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પો.કમી.શ્રી ઝોન ૬ સાહેબ તથા મ.પો.કમીશ્રી જે ડીવીઝન અમદાવાદ નાઓના માર્ગદર્શન હેઠળ તા.૦૩/૧૨/૧૭ ના રોજ અ.હે.કો હે.કો કૈલાસરાવ હિમતરાવ બનં-૭૮૪૫ તથા તથા પો.કો નરેન્દ્રભાઈ મફતલાલ બનં-૪૭૨૯ નાઓ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીગમા હતા જે દરમ્યાન કલાક-૨૦/૦૦ વાગે વટવા સદભાવનાચોકી પાસે પહોંચતા અ.હે.કો હે.કો કૈલાસરાવ હિમતરાવ નાઓને બાતમી હકિક્ત મળેલ એક સિલ્વર કરલરની કાર નં-જીજે-૧-એચ એમ-૭૯૯ ની અંદર કેટલોક ઇંગ્લીશદારૂનો જથ્થો ભરી પુનિતનગર કોસીંગ તરફથી આવી વટવા વસંતગજેન્દ્રગડકરનગર ચાર માળીયામા અંદર જવાની છે.જે બાતમી હકિક્તથી પોલીસ ઇંસપેકટર શ્રી બી જે સરવૈયા વટવા પો.સ્ટેશન અમદાવાદ શહેર નાઓને માહીતગાર કરતા સાહેબ સદભાવના ચોકી ખાતે જઈ સ્ટાફના માણસો તથા પંચના માણસો સાથે હકિક્તવાળી જગ્યાએ જઈ વોચ ગોઠવી આરોપી મોસીન ઉર્ફે સડેલા સ/ઓ ભીખામીયા જાતે મલેક ઉવ-૨૭ ધંધો સુટક મંજુરી રહે બ્લોક નં-૬૬ મકાન નં-૨૦૯૯ સદભાવનાનગર ચાર માળીયા વટવા અ'વાદ શહેર નાને પરપ્રાંતિય શીલબંધ પ્લાસ્ટીકના ઈગ્લીશદારુના ૧૮૦/ મીલીના કવાર્ટ નંગ-૫૦૦/ ની કિં રૂ,૫૦,૦૦૦/- તથા ફોર્ડ કંપનીની કાર આર.ટી.ઓ નં-જીજે-૧-એચ એમ-૭૯૯ ની કિ,રૂ.૧,૦૦,૦૦૦/ મળી કુલ્લે મુદામાલ કિંમત રૂ.૧,૫૦,૦૦૦/- ની સાથે પકડી લઈ ભાગીજનાર આશીફ ઉર્ફે કોમલ તથા ઈમરાન ઉર્ફે ગામડીયા ઉર્ફે કડીયો તથા માલ આપનાર દાહોદ ખાતે રહેતા જગદીશ જે ચારેય વિરૂધ્ધમા ધી પ્રોહી એક્ટ કલમ ૬૬બી, ૬૫એઇ, ૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબન ગુનો રજીસ્ટર કરી આગળની વધુ તપાસ હાથ ધરવામા આવેલ છે.

**<u>રામોલ પોલીસ સ્ટેશન :</u>**

## ભુલી પડી ગયેલ બે બહેનોને તેના માતા પિતા સાથે મીલન કરાવી આપતી

## રામોલ પોલીસ અમદાવાદ શહેર

રામોલ પો.સ્ટે.વન ગાડી ઓપરેટરને કંન્ટ્રોલ ના કલાક ૦૨/૧૨ વાગ્યાના મેસેજ મળેલ કે સી.ટી.એમ.એક્ષપ્રેસ હાઇવે પર બે અજાણી છોકરીઓ મળી આવેલ છે જે આધારે બન્ને દિકરીઓના નામઠામ પુછતા નં.૧.નૈયના ડો/ઓ ભેમાભાઇ હરીજન ઉ.વ.૧૬ ૨.કંચન ડો/ઓ ભેમાભાઇ હરીજન ઉ.વ.૧૨ બન્ને રહે ગામ.જેરડીયાલી તા.વાવ જી.બનાસકાંઠા નાઓને પુછપરછ કરતા બન્ને દિકરીઓના માતા-પિતાએ ભણવા બાબતે ઠપકો આપેલ હોય જેથી ઘરેથી કહ્યા બસમાં બેસી અમદાવાદ આવી ગયેલાનું જણાવતી હોય જેઓના માતા પિતા નો સંપર્ક કરી તેઓને તેમની દિકરીઓ  રામોલ પોલીસ સ્ટેશન હોવાની જાણ કરી બન્ને દિકરીઓને કબ્જો તેના વાલી વારસને સોપી વિખુટા પડેલ બાળકોને તેના માતા-પિતા સાથે મેળવી ઉમદા કામગીરી કરેલ છે



**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

ખોખરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરીખોખરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ






નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.